
## વડીલોને વંદન અભિનંદન



નિરંજનાબેન રશ્મિચંદ્ર દવે (૧૯૪૭) મો. ૯૪૨૯૯૦૧૯૩૪



ચીમનભાઈ ટી. મિસ્ત્રી (૧૯૪૫) ફોનઃ ૨૩૨૪૧૩૮



ચંદ્રિકાબેન પુરુષોત્તમ પટેલ (૧૯૫૧) ફોનઃ ૨૩૨૨૩૪૮૦



રમેશચંદ્ર રામજીભાઈ તન્ના (૧૯૫૨) ફોનઃ ૨૩૨૧૨૧૯૮

# કોંગ્રેસના વધુ ૭૧ ઉમેદવારો જાહેર

## અભિનેતામાંથી રાજકારણી બનેલા રાજ બબ્બરને ગાઝિયાબાદમાંથી તેમજ રિટા બહુગુણાને લખનૌમાંથી મેદાનમાં ઉતારવા નિર્ણય : સુબોધકાંતને ટિકિટ

નવી દિલ્હી, તા. ૧૩

આગામી લોકસભાની ચૂંટણી માટે કોંગ્રેસે આજે ૭૧ ઉમેદવારોની બીજી યાદી જાહેર કરી હતી. ભૂતપૂર્વ રેલવેપ્રધાન પવનકુમાર બંસલને પણ ટિકિટ આપવામાં આવી છે. રેલવે લાંચ રૂશ્વત કેસમાં તેમના ભત્રીજાને રંગેહાથ પકડી લેવામાં આવ્યા બાદ પવનકુમાર બંસલને રાજીનામુ આપવાની ફરજ પડી હતી. તેમની સામે આક્ષેપબાજી થઈ હતી. પરંતુ કોંગ્રેસે પવનકુમાર બંસલમાં વિશ્વાસ જાળવી રાખીને તેમને ફરી ટિકિટ આપી છે. બંસલ ચંદીગઢમાં કોંગ્રેસના ઉમેદવાર રહેશે. કોંગ્રેસની ચૂંટણી સમિતિ દ્વારા ૭૧ ઉમેદવારોના નામની જાહેરાત કરી હતી. કોંગ્રેસે બંસલની પસંદગી કરી છે. બંસલ હવે એએપીની ઉમેદવાર અને અભિનેત્રી ગુલ પનાગ સામે મેદાનમાં ઉતરશે. ભાજપ તરફથી હજુ સુધી આ બેઠક માટે ઉમેદવારનું નામ જાહેર કરાયું નથી. અભિનેતામાંથી રાજકારણી બનેલા અને વર્તમાન સાંસદ રાજ બબ્બર ગાઝિયાબાદમાંથી ચૂંટણી લડશે તેમને હવે ગાઝિયાબાદમાં ખસેડવાનો નિર્ણય કરાયો છે. રાજ બબ્બર હાલમાં ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાંથી સાંસદ છે. રિટા બહુગુણા જોશી લખનૌમાંથી ચૂંટણી લડશે. પાર્ટી દ્વારા રાંચીમાંથી સુભોધકાંત સહાયને ચૂંટણી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો છે. કોલસા કૌભાંડ સપાટી ઉપર આવ્યા બાદ સુભોધકાંત સહાયને રાજીનામુ આપી દેવાની ફરજ પડી હતી. આજે કોંગ્રેસે જે ૭૧ ઉમેદવારોની યાદી જાહેર કરી છે તેમાં ભ્રષ્ટાચારના કેસોમાં મુશ્કેલીમાં મુકાયેલા ઉમેદવારોના નામ પણ રહેલા છે જેથી કોંગ્રેસ ટિકા ટિપ્પણીઓનો સામનો કરવો પડશે. કોંગ્રેસની બીજી યાદીમાં ફિલ્મ અભિનેત્રી નગમા, વીરભદ્રસિંહની પત્નિનો પણ સમાવેશ થાય છે. કોંગ્રેસે આ વખતે વધુ વિવાદ ન થાય તે માટે ખુબ જ સાવધાનીપૂર્વક ઉમેદવારોની યાદી તૈયાર કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

વીરભદ્રસિંહ પોતે પણ વિવાદના ઘેરામાં રહ્યા છે તેમની સામે ભ્રષ્ટાચારના આક્ષેપો થઈ ચુક્યા છે તેવી સ્થિતિમાં તેમના પત્નિને ટિકિટ આપવાની બાબત પણ પ્રશ્ન સર્જે તેવી છે. ફિલ્મ અભિનેત્રી નગમા મેરઠમાંથી ચૂંટણી લડશે જ્યારે સ્વર્ગસ્થ કેન્દ્રીયપ્રધાન સીસરામ ઓલાની પુત્રી રાજબાળા ઓલા રાજસ્થાનના ઝુઝનુમાંથી મેદાનમાં ઉતરશે. રાજબાળાને શક્તિશાળી ઉમેદવાર તરીકે ગણવામાં આવે છે. ઝુઝનુમાં કોંગ્રેસનું વર્ચસ્વ રહેલું છે. કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની આ વખતે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયામાં મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

# ભાજપના વધુ ૭૫ ઉમેદવારો જાહેર

નવી દિલ્હી, તા. ૧૩

ભાજપની કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠક આજે દિલ્હીમાં મળી હતી જેમાં મોડી સાંજ સુધી વિચારણા કરવામાં આવ્યા બાદ ભાજપ દ્વારા ત્રીજી યાદી જાહેર કરવામાં આવી હતી. ત્રીજી યાદીમાં કુલ ૭૫ ઉમેદવારો રહેલા છે. જો કે, ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી કઈ બેઠક પરથી ચૂંટણી લડશે તેને લઈને સસ્પેન્સ યથાવત રહેતા રાજકીય ગરમી યથાવત રહી હતી. આજે ભાજપ કેન્દ્રીય ચૂંટણી સમિતિની બેઠકમાં પક્ષ પ્રમુખ રાજનાથસિંહ, નરેન્દ્ર મોદી, સુષ્મા સ્વરાજ, અરુણ જેટલી, અડવાણી સહિતના વરિષ્ઠ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા. જુદા જુદા રાજ્યોમાંથી આવેલી ઉમેદવારોની પેનલ ઉપર વિચારણા કરવામાં આવી હતી.

જો કે, અતિ મહત્વપૂર્ણ ગણાતી બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા ન હતા જેથી સસ્પેન્સની સ્થિતિ યથાવત રહી હતી. આજે કર્ણાટકમાંથી પાંચ ઉમેદવારો નક્કી કરવામાં આવ્યા છે. જ્યારે કેરળમાંથી ૧૩, આસામમાંથી છ, મહારાષ્ટ્રમાંથી બે અને પશ્ચિમ બંગાળમાંથી સાત ઉમેદવારોના નામ નક્કી કરવામાં આવ્યા હતા. વારાણસીમાંથી ભાજપના વરિષ્ઠ મુરલી મનોહર જોશીના નામની પણ જાહેરાત કરવામાં આવી ન હતી. વિશ્વસનીય સૂત્રોએ કહ્યું છે કે, ભાજપના ઉમેદવારોની નવી યાદી હોળીના તહેવાર બાદ જારી કરવમાં આવશે જેમાં મોદી અને અડવાણીની બેઠકનો પણ સમાવેશ થાય છે. ભાજપે આજે જાહેર કરેલી ત્રીજી યાદીમાં જાતિવાદના સમીકરણોની પરેશાની દેખાઈ રહી છે.

આંધ્રપ્રદેશમાંથી ૧૪ ઉમેદવારોને ટિકિટ આપવામાં આવી છે. મધ્યપ્રદેશમાંથી ૨૪ ઉમેદવારોની યાદી અને મહારાષ્ટ્રમાં બે ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા હતા. ભાજપના વરિષ્ઠ નેતા સુષમા સ્વરાજ ધારણા પ્રમાણે જ તેમની પરંપરાગત વિદિશા બેઠક પરથી ચૂંટણી લડશે. જ્યારે ઈન્દોરમાંથી સુમિત્રા મહાજનને મેદાનમાં ઉતારવાનો નિર્ણય કરાયો છે. આજે મોડે સુધી ચાલેલી બેઠકમાં ગુજરાતમાંથી કોઈ ઉમેદવારો પસંદ કરી શકાયા ન હતા.

# છેલ્લા દસ વર્ષથી પ્રાંતિજ ખાતે ઉપર આકાશ નીચે ધરતીના સથવારે ભણતા આંગણવાડીના ભૂલકાઓ

પ્રાંતિજ, તા. ૧૩

પ્રાંતિજ તાલુકામાં નેશનલ હાઈવે નં. ૮ નજીક વણઝારા વાસમાં વર્ષોથી નાના-નાના ભુલકાઓ ચલાવે છે. આ કેન્દ્ર પર સુવિધાના નામે શૂન્ય છે. કેન્દ્રમાં ભણતા ભુલકાઓ માટે કોઈપણ પ્રકારની સુવિધા નથી ત્યારે બાળકોએ ખુલ્લામાં બેસી તડકો, ઠંડી અને વરસાદ



આંગણવાડીના મકાન વગર ઉપર આભ અને નીચે ધરતી પર ખુલ્લામાં બેસી ભણી રહ્યા છે અને સરકાર તરફથી અપાતો પોષણ આહાર લઈ રહ્યા છે. ત્યારે સબ ઠીક ઠાક હૈ ની ગુલબાંગો ઠોકતા તંત્રની પોલ છતી થઈ રહી છે. પ્રાંતિજના વણઝારા વાસમાં આંગણવાડી કેન્દ્રોમાં ગરીબ નાના-નાના ભુલકાઓ છેલ્લા આઠ-દસ વર્ષથી જુદી જુદી જગ્યાએ બેસાડી સંચાલકો કેન્દ્ર એમ ત્રણેય સીઝન સહન કરવાનો વારો આવે છે. બીજી તરફ આ ભુલકાઓને રસ્તાઓની વચ્ચે ભગવાન ભરોશે બેસાડી પોષણ આહાર આપે છે. ત્યારે આ આંગણવાડી તરફ જોવાનો પણ કોઈ સરકારી બાબુઓને સમય નથી. સરકારી વિભાગે સત્વરે આળસ ખંખેરી ભુલકાઓ માટે તાત્કાલિક ધોરણે આંગણવાડીનું મકાન બનાવે તેવું સ્થાનિક પ્રજા ઈચ્છી રહી છે.

# બોર્ડની પરીક્ષાનો શાંતિપૂર્ણ માહોલમાં વિધિવત પ્રારંભ

## બોર્ડની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો : વિદ્યાર્થી નક્કી સમય કરતા પહેલા પહોંચ્યા

અમદાવાદ, તા. ૧૩

ગુજરાતભરમાં આજે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો મંગલમય પ્રારંભ થયો હતો. બોર્ડની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓમાં પણ પરીક્ષાને લઈને અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. આજે વહેલી સવારે નિર્ધારીત સમય કરતાં એક કલાક વહેલા જ વિદ્યાર્થીઓ પરીક્ષા કેન્દ્રોએ પહોચી ગયા હતા.

શાળાઓ દ્વારા પણ વિદ્યાર્થીઓને કુમકુમ તિલક કરી મીઠાઈથી મો મીઠુ કરાવીને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવ્યા હતા. ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષાનો આજથી શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો હતો. વાલીઓ અને સામાજિક-રાજકિય આગેવાનો દ્વારા બાળકોને પરીક્ષામાં સફળતા માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓને પોતાની બેઠક નંબર સરળતાથી મળી રહે તે માટે શાળાઓ દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી અનેક જગ્યાએ શાળાઓ દ્વારા મંડપ લગાવીને કઈ શાળા ક્યાં આવેલી છે તેની માહિતી આપવામાં આવી હતી. પેપર શરૂ થયાના ૧૫ મિનિટ પહેલા જ વિદ્યાર્થીઓને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપી દેવામાં આવ્યો હતો. બીજી બાજુ જો કોઈ વિદ્યાર્થી પોતાની સાથે કાગળ કે કાપલી લાવ્યો હોય તેને મુકવા માટે વર્ગખંડમાં પાશ્ચાતાપ બોક્સ મુકવામાં આવ્યો હતો.

જેમાં વિદ્યાર્થીઓ પોતાની સાથે લાવેલા સાહિત્યને મુકી શકે. આ ઉપરાંત વિદ્યાર્થી પરીક્ષાલક્ષી કોઈ સુચન લખી શકે તે માટે સુચન બોક્સની પણ વ્યવસ્થા કરવામાં આવી હતી. દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો હતો. ધોરણ-૧૦માં આજે ગુજરાતી વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. ત્યારે વિદ્યાર્થીઓને આજનું ગુજરાતીનું પેપર દર વખતની જેમ લેન્ધી લાગ્યું હતું. અમુક વિદ્યાર્થીઓએ જવાબો છુટી ગયાની પણ ફરીયાદ કરી હતી. પરીક્ષા નિયમિત સમયે જ શરૂ થઈ હોવા છતાં વિદ્યાર્થીઓ પ્રશ્નપત્ર લખતી વખતે હાંફે ચડ્યા હતા.

# બનાવટી ચાવીથી વાહનોની ચોરી કરતા શખ્સની ધરપકડ

શહેરના ખાસ કરીને પશ્ચિમ બાજુના વિસ્તારને ટાર્ગેટ બનાવીને રેકી કરી ડુપ્લીકેટ ચાવીથી વાહનોની ચોરી કરતા ઈસમની ક્રાઈમબ્રાન્ચે ધરપકડ કરી છે. પકડાયેલ આરોપી પાસેથી ચોરીના આઠ બાઈક કબ્જે કરાયા છે. આરોપી દર્શન ગણેશ રાજપુત (ઉ. ૩૦)ની અટક કરી હતી. બાદમાં આરોપીએ પૂછપરછ વાહનચોરીના ગુના કબુલ્યા હતા. આરોપી પાસેથી ચોરીના આઠ વાહનો તપાસ દરમ્યાન મળી આવ્યા હતા. આરોપી દર્શન છેલ્લા બે વર્ષ દરમ્યાન શહેરના નારણપુરા, નવરંગપુરા, સેટેલાઈટ તથા એલીસબ્રીજ વિસ્તારમાંથી ચોરી કરી હોવાની કબુલાત કરી છે. આરોપી અમદાવાદ શહેરના પશ્ચિમ બાજુના વિસ્તારોને ટાર્ગેટ બનાવી અગાથી રેકી કરી ડુપ્લીકેટ ચાવીથી ટુ વ્હીલર વાહનો ચોરવાની મોડેસ ઓપરેન્ડી ધરાવે છે. જરૂરીયાત હોવાનું જણાવી પોતાના ઓળખીતા માણસો પાસેથી પૈસા મેળવી આવા વ્યક્તિઓને ખોટી રીતે વિશ્વાસમાં લઈને પાછળથી ચોરીનું વાહન તેવા વ્યક્તિ પાસે ગીરો તરીકે મુકતો હતો.


# અરવલ્લી જિલ્લામાં બોર્ડની પરીક્ષાનો પ્રારંભ

ધનસુરા, તા. ૧૩

અરવલ્લી જિલ્લામાં એસ.એસ.સી.ના ૧૩૫૧૯ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. જેમાં ધોરણ-૧૨ સાયન્સના ૧૬૬૮ વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. જયારે ધોરણ:૧૦માં ૨૮૪ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યા હતા.

આ તમામ વિદ્યાર્થીઓની પરીક્ષા કુલ ૩૩ કેન્દ્રોમાં લેવાઈ રહી છે. મોડાસા કેળવણી મંડળ અને જાયન્ટસ ગ્રુપ મોડાસા લાયન્સ ક્લબ મારૂતિ કેળવણી મંડળ શાળાઓના પ્રમુખોએ બાળકોને કુમકુમ તિલક કરી તેમજ મોં મીઠુ કરાવી વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

## શબ્દાવલી - ૫૩૩૮



| આડી ચાવી | ઊભી ચાવી |
|---|---|
| ૧. આકાશ, નભ (૪) | ૧. પારદર્શક, આ પારથી પેલે પાર દેખાય તેવું (૪) |
| ૪. ચાખડી, ખડાઉ, જૂતા (૩) | ૨. આઘાત, દુઃખ (૩) |
| ૬. બાતલ, કેન્સલ (૨) | ૩. ચક્ષુ, આંખ (૩) |
| ૭. તેલની એક જાત (૪) | ૪. ગાંડો, મેન્ટલ (૩) |
| ૮. મીઠુ, સબરસ (૩) | ૫. વજૂદ, હેતુ, ઉદ્દેશ (૩) |
| ૧૧. પાન રાખવાની ડબ્બી (૪) | ૯. સાવન, બરસાત (૪) |
| ૧૩. નાગ, સર્પ (૨) | ૧૦. પ્રખ્યાત, મશહુર (૪) |
| ૧૫. ઘવાયેલ (૩) | ૧૧. કંગાળ, ખુવાર (૪) |
| ૧૬. ઘવાયેલ (૩) | ૧૨. ... અને નીલ નામના વાનરો, રામના સેતુબંધમાં મદદકર્તા (૨) |
| ૧૭. પરવા, ચિંતા (૨) | ૧૪. ચોકિયાત, રખેવાળ (૪) |
| ૧૮. ગુલામ (૩) | ૧૫. ક્રૂર, ખાટકી (૩) |
| ૨૦. નાના છોકરાઓનો અવાજ (૪) | ૧૮. એક વાનગી, કઢી (૨) |
| ૨૧. બગલ થેલો (૩) | ૧૯. માછલુ (૨) |

### શબ્દાવલી ૫૩૩૭ના જવાબ

**આડી ચાવી :-** (૧) કોહવાટ (૪) ઘસ (૬) કીરણ (૭) અવસાદ (૯) અફલાતૂન (૧૦) કંથ (૧૨) લવાદ (૧૩) ઠીકઠાક (૧૪) ગ્રીવા (૧૬) મક્કાર (૧૮) ખડતલ (૨૦) તમાકુ (૨૨) માકડુ (૨૩) પક્ષી

**ઊભી ચાવી :-** (૨) કોકીલકંઠી (૨) હર (૩) વાણ (૪) ઘસાતુ (૫) સદન (૭) અફવા (૮) વલાદ (૯) અલકમલક (૧૧) થકવાડ (૧૫) વામકુક્ષી (૧૭) રત (૧૮) ખત (૧૯) તમા (૨૧) માપ



**અરવલ્લી જિલ્લામાં માલપુરના તખતપુરની શ્રી ડી.કે.પટેલ ભુરા એમ.એડ્.અને બી.એડ્.કોલેજ કેમ્પસ ખાતે મંગળવારના રોજ સરદાર પટેલ જનકલ્યાણ સેવા ટ્રસ્ટ મેવડા–વન અને યર્યાવરણ મંત્રાલય,નવી દિલ્લી, તથા વિકસત નહેરૂ ફાઉન્ડેશન ફોર ડેવલપમેન્ટ અમદાવાદ ધ્વારા જૈવિક વિવિધતાનું સંરક્ષણ વિષય ઉપર એક શિબિર યોજવામાં આવી હતી.અને રેલી પણ કાઢવામાં આવી હતી. વન સંસોધન વિભાગ ગાંધીનગરના શ્રી જે.જી.વિહોલ (મદદનિશ વન સંરક્ષક) સાબરકાંઠાના વન વિભાગ દક્ષિણ હિંમતનગરના શ્રી.એન.પી.મેવાડા (મદદનિશ વન સંરક્ષક) વન વિભાગ માલપુરના શ્રી કે.એચ.મકવાણા (આર.એફ.ઓ.) જનસેવા ચેરીટેબલ ટ્રસ્ટ મહિયાપુરના પ્રમુખશ્રી મહેશભાઈ પટેલ ,મહિયાપુર સરપંચશ્રી રમેશભાઈ પટેલ પરિવર્તન ટ્રસ્ટના શ્રી જગદીશભાઈ પંડયા તેમજ સરદાર પટેલ જન કલ્યાણ સેવા ટ્રસ્ટ–મેવડા ના શ્રી મહેન્દ્રભાઈ પટેલ સહીત કોલેજના આચાર્ય,અધ્યાપક ગણ,આમંત્રીતતો અને વિધાર્થીઓની વિષાળ ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં દિપપ્રાગટય બાદ મહેન્દ્રભાઈ પટેલ ધ્વારા શાબ્દીક સ્વાગત કરાયું હતું**

# આગીયા ગામની મહિલાના મોત અંગે દુષ્પ્રેરણની કલમ ઉમેરાઈ

## મૃતકના પતિ, સસરા, સાસુ અને વડસાસુ વિરૂદ્ધ ફરીયાદ નોંધાતા ગામમાં સન્નાટો

ખેડબ્રહ્મા, તા. ૧૩

ખેડબ્રહ્મા તાલુકાના આગીયા ગામની એક પરિણીતાએ ઝેરી દવા પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજતા અકસ્માતે મોતનો ગુનો નોંધાયા બાદ મૃતક પરિણીતાને મોત સુધી દુષ્પ્રેરણ કરવા માટે તેણીના પતિ અને ત્રણ સાસરીયા વિરૂદ્ધ ફરીયાદ નોંધાતા આગીયા ગામમાં સન્નાટો છવાઈ જવા પામ્યો છે.

આગીયા ગામના મુળ રહીશ દેવડા રાજેન્દ્રસિંહ મુળસિંહ કલેકા કંપામાં ખેતીની જમીન ધરાવે છે અને ત્યાં પરિવાર સહીત વસવાટ કરી ખેતી કરે છે. આ રાજેન્દ્રસિંહની પત્ની ભાવનાબેન (ઉં.વ. ૨૫) બુધવારના રોજ ઝેરી દવા પી લેતા તેણીનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ અંગે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યા બાદ આ ઘટનામાં નવો વળાંક આવ્યો હતો. મૃતક ભાવનાબેનને તેના પતિ તથા સાસરીયા દ્વારા તને ઘરનું કામ કરતાં આવડતુ નથી. તારા પિયરમાંથી દહેજ લાવી નથી, અમારા દિકરાને તુ લાયક નથી તથા શારિરીક-માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આ ત્રાસથી કંટાળી અને મરવા સુધી દુષ્પ્રેરણ કરતા ઝેરી દવા પી લઈ આત્મહત્યા કરી લીધી હતી.

આ અંગે રહેવર વિક્રમસિંહ જોરાવરસિંહ રે. ધોરવાડા, તા. હિંમતનગરે મૃતક ભાવનાબેનના પતિ રાજેન્દ્રસિંહ દેવડા, સસરા મુળસિંહ દેવડા, સાસુ ક્રિષ્ણાબા દેવડા તથા વડસાસુ ચંચળબા દેવડા વિરૂદ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે ઈ.પી.કો. કલમ ૪૯૮/૬, ૩૦૬, ૩૨૩ તથા ૧૧૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ પી.એસ.આઈ. જી.કે. ઈસરાની ચલાવી રહ્યા છે.

# પુત્ર વાંચવા ન બેસતા માતાના આપઘાતના પ્રયાસથી ચકચાર

અમદાવાદ, તા. ૧૩

અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં ધોરણ-૧૦ની પરીક્ષા આપી રહેલ દિકરો વાંચવા ન બેસતા માતાએ આત્મહત્યાનો પ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી છે. ધોરણ-૧૦ની પરીક્ષાનો આજથી પ્રારંભ થયો છે ત્યારે સામે આવેથી આ ઘટનાથી પરીક્ષા અને સામાજિક જીવન વચ્ચેના સંઘર્ષની વાતને ફરીથી ચર્ચામાં લાવી દીધી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ અમદાવાદના ચાંદખેડા વિસ્તારમાં રહેતા ભાવનાબેન ઘનશ્યામભાઈ પટેલ નામની મહિલાએ ઉંઘની ગોળીઓ ખાઈને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જેની જાણ થતા જ પરીવારના સભ્યોએ ૧૦૮ને બોલાવીને ભાવનાબેનને નજીકની પોખરાજ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. આ અંગે જાણ થતાં ચાંદખેડા પોલીસ પણ ભાવનાબેનનું નિવેદન લેવા માટે પોખરાજ હોસ્પિટલ પહોંચી હતી જ્યાં ભાવનાબેન હજી ગંભીર હાલતમાં હોવાથી તેમનું નિવેદન લેવાઈ શક્યું નહતું. જેથી ચાંદખેડા પોલીસે ભાવનાબેનના સાસુનું નિવેદન લેવાની ફરજ પડી હતી.

સાસુએ પોતાના નિવેદનમાં જણાવ્યું હતું કે ભાવનાબેનનો દિકરો ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે. તેની બોર્ડની પરીક્ષા ગુરૂવારથી શરૂ થઈ રહી હતી પરંતુ પુત્ર પરીક્ષાની તૈયારી કરવાની જગ્યાએ તોફાન કરતો રહેતો હતો જેથી લાગી આવતા ભાવનાબેન હવે મારે મરી જવું છે તેમ કહીને ઊંઘની ગોળીઓ ખાઈ લીધી હતી. જેના કારણે ભાવનાબેનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં અત્યારે ભાવનાબેનની તબિયત સ્થિર હોવાનું ડોકટરો જણાવી રહ્યા છે.

## કર્મચારીઓને નોટીસ

*● અનુસંધાન પહેલાનું ચાલુ*

ગાંધીનગર જિલ્લામાં ૧૩૦૩૨ મતદારોની નવી નોંધણી માટેની અરજીઓ મળી છે. તંત્રના અધિકારીઓની આ નિષ્કાળજીને અતિ ગંભીરતાથી લઈ ૩ દિવસમાં આ અંગે ખુલાસો કરવા માટે જણાવાયું છે.

ગાંધીનગર જિલ્લામાં મતદાર નોંધણી અભિયાનને સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. મળતી વિગતો મુજબ જિલ્લાના અન્ય એક વિધાનસભા મત વિસ્તારમાં નાદુરસ્ત તબિયતને લઈ બી.એલ.ઓ. ગેરહજાર રહેતા તેમના વિકલ્પે બીજા બી.એલ.ઓ.ને ફરજ સોંપણી કરી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લામાં હાલ ૧૦ લાખ ઉપરાંત નોંધાયેલા મતદારો છે. જિલ્લામાં સૌથી વધુ મતદારો પણ ગાંધીનગર (દ) વિધાનસભા મતવિસ્તારમાં છે.

## ઈન્કમટેક્ષના દરોડા

*● અનુસંધાન પહેલાનું ચાલુ*

ઈન્કમટેક્ષ વિભાગે આજે મહેસાણા જિલ્લાના કડીમાં પણ સર્ચ ઓપરેશન હાથ ધર્યા હતા અને ઘણા બધા વાંધાજનક દસ્તાવેજો કબ્જે કરી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં આ બિલ્ડરોને ત્યાંથી પણ કેટલાક વાંધાજનક દસ્તાવેજો મળ્યા હોવાનું જાણવા મળેલ છે જેની ચકાસણી ઈન્કમટેક્ષના અધિકારીઓ દ્વારા ચાલી રહી છે.

## સીસીસી+ની તાલીમ અને પરીક્ષા

*● અનુસંધાન છેલ્લાનું ચાલુ*

ટેકનિકલ પરીક્ષા બોર્ડના પરિપત્રથી ત્રીપલ સી અને ત્રીપલ+ની પરીક્ષાનું આયોજન સરકારી પોલિટેકનિકો અને સરકારી ઈજનેરી કોલેજો ખાતે બંધ કરવામાં આવેલ છે. આથી ટેકનીકલ પરીક્ષા બોર્ડ દ્વારા હાથ ધરવામાં આવતી સીસીસી અને સીસીસી+ તાલીમ અને પરીક્ષા અંગેની કામગીરી ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટીને સોંપવા માટેની સરકારે વિચારણા કરેલ.

હવે રાજ્ય સરકારે આ તાલીમ અને પરીક્ષા માટે સ્પીપા અને આઈ.ટી.આઈ. ઉપરાંત ટેકનિકલ પરીક્ષા બોર્ડના બદલે સીસીસી અને સીસીસી+ની પરીક્ષા માટે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી પરીક્ષા સંસ્થા તરીકે રહેશે એવો નિર્ણય કર્યો છે. ટેકનોલોજીકલ યુનિવર્સિટીએ સરકારી પોલીટેકનીક અને સરકારી ઈજનેરી કોલેજો ખાતે સીસીસી અને સીસીસી+ ની તાલીમ અને પરીક્ષાનું આયોજન કરવાનું રહેશે.

## બાળવાની કામગીરી

*● અનુસંધાન પહેલાનું ચાલુ*

જાહેરમાં ઘન કચરો સળગાવી, ઓઝોનના પડને નુકશાન કરી રહેલ છે. અને રાત્રિના સમયે રીતસર આગની ભઠ્ઠી સળગતી હોય, તેવું અવર-જવર કરતાં નગરજનો દ્વારા ફરિયાદો મળેલ છે, તેમજ રાત્રે ધુમાડાના ગોટેગોટાથી બ્રીજ પરથી પસાર થતા વાહનચાલકોને મુશ્કેલી વેઠવી પડે છે. અને અકસ્માત થવાની સંભાવની શક્યતા વધારે દેખાઈ રહી છે. તો આ બાબતે તાત્કાલિક પગલા ભરી ડમ્પીંગ સાઈટનો વૈજ્ઞાનિક ઢબે નાશ અમલ કરવા માટે શું કાર્યવાહી થઈ તેવી મને નગરસેવક તરીકે માહિતી આપશો.

ઓઝોનના પડમાં ગાબડાં પડે તે આપણા માટે તથા સમગ્ર જીવસૃષ્ટિ માટે હાનિકર્તા છે. હવાને શુદ્ધ કરવામાં તથા ઓઝોન પૃથ્વીનો રક્ષક વાયુ છે.